આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૩૫૫ | ૭ માર્ચ, ૨૦૧૩, ગુરૂવાર; મહા વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

લગ્ન એ એક એવી પ્રણય કથા છે જેમાં નાયકનું પહેલાં જ પ્રકરણમાં મૃત્યુ થઇ જાય છે
- ભુલભર

આજથી ધો-૧૦ અને ૧૨ની પરીક્ષાનો પ્રારંભ

ધો-૧૦માં ૩૦૭૧૭ તેમજ ધો-૧૨ સામાન્ય પ્રવાહમાં ૧૨૯૩૬ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે, સે-૭ ચૌધરી વિદ્યાલયમાં શિક્ષણમંત્રી વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવશે

ગાંધીનગર, તા.૬

ધો-૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાનો આજથી પ્રારંભ થશે. ધો-૧૦માં જિલ્લામાંથી ૩૦૭૧૭ તેમજ ધો-૧૨ સામાન્ય પ્રવાહમાં ૧૨૯૩૬ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. બોર્ડ પરીક્ષા દરમિયાન કોઈ પણ પ્રકારની ગેરરીતિના એક પણ કિસ્સા ન બને તે માટે સ્થાનિક ઉપરાંત બોર્ડ કક્ષાએ મંજુર થયેલી સ્કવોર્ડ પરીક્ષા કેન્દ્રો પર રાઉન્ડ લગાવશે જયારે જિલ્લા કલેકટર કક્ષાએથી ૧૦ અધિકારીઓની સ્કવોર્ડ શાળાઓમાં સતત નજર રાખશે. જિલ્લામાં ૩૪ કેન્દ્રો અને ૧૧૨ બિલ્ડીંગમાં પરીક્ષાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. સે-૭ સ્થિત ચૌધરી શાળામાં રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, બોર્ડના અધ્યક્ષ શ્રી વરસાણી જિલ્લા શિક્ષણાધિકારી વિનયગીરી ગોંસાઈ વિદ્યાર્થીઓને પરીક્ષાની શુભેચ્છા પાઠવવા ઉપસ્થિત રહેશે. સે-૨૩ ગુરુકુલ વિદ્યાલયમાં પણ મંત્રી વસુબેન ત્રિવેદી પરીક્ષાર્થીઓને શુભેચ્છા પાઠવશે.

ધો-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે અત્યંત મહત્વની ગણાતી બોર્ડ પરીક્ષાનો તા. ૭ માર્ચથી પ્રારંભ થનાર છે. સમગ્ર વર્ષની મહેનતનો નિચોડ માત્ર ૩ કલાકની પરીક્ષામાં રજૂ કરવાનો હોવાથી પરીક્ષાર્થીઓ તેમજ વાલીઓ પણ બોર્ડ પરીક્ષાને લઈ ઉત્સુક બન્યા છે. પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓ અને વાલીઓને મુંઝવતા પ્રશ્નોને નિવારવા જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા પૂર્ણરૂપે તૈયારી કરી દેવાઈ છે. જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીમાં પરીક્ષા કન્ટ્રોલ રૂમ પણ શરુ કરી દેવાયો છે. જયારે બોર્ડના વિદ્યાર્થીઓને પરીક્ષા ટાણે મુંઝવતા વિષયલક્ષી પ્રશ્નોના ઉકેલ માટે જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા ૧૯ શિક્ષકોની હેલ્પલાઈન પણ કાર્યરત કરી દેવાઈ છે. જયારે માનસિક રીતે મુંઝવણ અનુભવતા વિદ્યાર્થીઓને તણાવમુકત કરવા મનોચિકીત્સકની નિઃશુલ્ક સેવા ઉપલબ્ધ થાય તેવું પણ આયોજન કરવામાં આવ્યું છે. ધો-૧૦ની પરીક્ષા સંદર્ભે ૨૬ કેન્દ્રો, ૭૪ બિલ્ડીંગ તેમજ ૧૦૩૭ બ્લોકમાં કાર્યવાહી હાથ ધરાશે. જિલ્લામાંથી ૩૦૭૧૭ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. જયારે ધો-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા માટે ૮ કેન્દ્રો, ૪૩૪ બ્લોક અને ૩૮ બિલ્ડીંગનો ઉપયોગ કરવામાં આવશે. જિલ્લામાંથી ૧૨૯૩૬ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે-જેમાં ૯૩ વિકલાંગ વિદ્યાર્થીઓનો સમાવેશ થશે. ધો-૧૦ અને ૧૨માં જિલ્લામાંથી ૧૦૦થી વધુ વિકલાંગ વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજરી આપશે. પરીક્ષા કેન્દ્રો પર સૂચન પેટી પણ મૂકવામાં આવશે. બોર્ડ પરીક્ષા દરમિયાન ગેરરીતિ અટકાવવા પણ સ્કવોર્ડનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. આ માટે ૪ વિજીલન્સ સ્કવોર્ડ, ૫ બોર્ડે મંજુર કરેલી સ્કવોર્ડ પણ રાઉન્ડ લેશે જયારે આ પરીક્ષા દરમિયાન જિલ્લા કલેકટર કક્ષાએ સ્કવોર્ડને અનુલક્ષી ૧૦ અધિકારીઓની ટીમ બનાવવામાં આવી છે. સ્કવોર્ડના અધિકારીઓ પ્રત્યેક પરીક્ષા કેન્દ્રો પર રાઉન્ડ લેશે. ધો-૧૦માં સવારે ૧૦ કલાકે ગુજરાતી વિષયની પરીક્ષા લેવાશે જયારે ધો-૧૨ સામાન્ય પ્રવાહમાં સવારે ૧૦.૩૦ કલાકે સહકાર અને પંચાયત વિષયની પરીક્ષા યોજાશે. જયારે બપોરે ૩ કલાકે નામાના મૂળ તત્વો વિષયની પરીક્ષા લેવાશે. આ દરમિયાન ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહના જૂના કોર્ષના વિદ્યાર્થીઓ માટે રસાયણ વિજ્ઞાનની પરીક્ષા લેવાશે.

૧૫ વિદ્યાર્થીઓને લહીયા માટે મંજુરી

ધો-૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષામાં જિલ્લાના ૪૩૬૫૩ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેશે. જેમાં ૧૦૦થી પણ વધુ વિકલાંગ વિદ્યાર્થીઓ પણ શાંતિપૂર્ણ રીતે પરીક્ષા આપી શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જયારે તંત્ર દ્વારા ધો-૧૦ અને ૧૨માં ૧૫ વિદ્યાર્થીઓને રાઈટર (લહીયા)ની પરવાનગી આપવામાં આવી છે. ધો-૧૦માં ૧૧ વિદ્યાર્થીઓ તેમજ ધો-૧૨ સામાન્ય પ્રવાહમાં ૪ પરીક્ષાર્થીઓને લહીયા માટે મંજુરી અપાઈ છે.

પ્રથમ દિવસે પરીક્ષાર્થીઓએ અડધો કલાક વહેલા પ્રવેશ લેવો

ધો-૧૦ અને ૧૨ની પરીક્ષાનો આજથી પ્રારંભ થનાર છે ત્યારે પરીક્ષાના પ્રથમ દિવસે વિદ્યાર્થીઓને સમય પૂર્વે અડધો કલાક પહેલા બેઠક વ્યવસ્થા પર સ્થાન લઈ લેવા જિલ્લા શિક્ષણ તંત્ર એ જણાવ્યું છે. ત્યારબાદ દરરોજ ૨૦ મિનિટ અગાઉ પરીક્ષા કેન્દ્રમાં હાજર થઈ જવા પણ જણાવાયું છે.

૪ વિજીલન્સ, ૫ બોર્ડની તેમજ કલેકટરની ૧૦ સ્કવોર્ડ પરીક્ષા કેન્દ્રોમાં રાઉન્ડ લેશે, ધો-૧૦માં આજે ગુજરાતીનું પેપર

કેન્દ્રો પર સઘન પોલીસ બંદોબસ્ત ગોઠવાશે

ધો-૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાને અનુલક્ષી તંત્ર કક્ષાએથી સજ્જડ તૈયારી કરી દેવાઈ છે. વિદ્યાર્થીઓ શાંતિપૂર્ણ અને ભયમુકત વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે માટે પરીક્ષા કેન્દ્રો પર સતત પોલીસનો પહેરો ગોઠવી દેવાશે. જયારે બોર્ડના પ્રશ્નપત્રો લઈ જતી સરકારી ગાડી અને પ્રતિનિધિ સાથે પણ એક પોલીસ જવાન સાથે રહેશે.

મરચાની મોસમ - મરચું તીખું તમતમતું હોય પણ સ્વાદ માટે જરૂરી છે. ગાંધીનગરના શેરથાનું મરચું રાજયભરમાં વખણાય છે. આખા વરસનું મરચું ખરીદવા ગૃહિણીઓ ઠેરઠેર ફરે છે અને મરચાના વેપારીઓએ ગાંધીનગરની આસપાસ મરચાનાં ઢગલા ખડકયા છે.... (તસવીર : દિપક જાની)

વિકાસના કેન્દ્રમાં આમ આદમી ન હોય તે કેવો વિકાસ : કેશુભાઈ

ગાંધીનગર, તા. ૬

રાજયના આર્થિક વિકાસની દોડમાં માનવી ભુલાયો છે જે વિકાસના મૂળમાં આમ આદમી ન હોય ગરીબ ન હોય એ કેવો વિકાસ? તેવો સવાલ ગુજરાત પરિવર્તન પાર્ટીના ધારાસભ્ય કેશુભાઈ પટેલે કર્યો હતો.

વિધાનસભા ગૃહમાં અંદાજપત્ર પરની ચર્ચામાં ભાગ લેતા જીપીપીના ધારાસભ્ય કેશુભાઈ પટેલે રાજ્ય સરકાર પર આકરા પ્રહાર કરતાં જણાવ્યું હતું કે રાજ્ય સરકાર આર્થિક સામાજીક સર્વેનાં પુસ્તકમાં કહેવાયું છે કે આરોગ્ય બાળ મૃત્યુ અને બીજા અનેક મુદ્દાઓના આંકમાં ગુજરાત ઘણું પછાત છે. એક થી દસ રાજ્યોમાં ગુજરાત આવતુ નથી, અગીયારમાં નંબરે રાજ્ય છે.

તેમણે જણાવ્યું હતું કે વર્ષ-૨૦૦૫માં શિક્ષિત બેરોજગારો ૭.૪૨ લાખ હતા ત્યાર પછી આ વાયબ્રન્ટ અમલમાં આવ્યું. ૨૦૧૨માં એ આંકડા વધીને ૮.૧૫ લાખ થયા. એપ્રિલ-૨૦૦૦ થી જૂન ૨૦૦૦ વચ્ચે વિદેશી મૂડીરોકાણ ક્યાં કેટલું ? એમાં ગુજરાત છઠ્ઠા નંબરે છે.

રાજ્ય સરકારે બંદરોનો વિકાસ કર્યો છે તેવા દાવા કરે છે પરંતુ ૨૦૧૧-૧૨ની સામાજીક આર્થિક સમીક્ષામાં આ સરકારે કબુલ કર્યું છે કે ૧૯૯૫ની અભૂતપૂર્વ પોર્ટ પોલીસીને કારણે ગુજરાતમાં વિકાસના દ્વાર ખુલી ગયા છે. તેમ જણાવીને તેમણે જણાવ્યું હતું કે બંદરો પર માલની હેરાફેરીમાં ૧૦ વર્ષના ગાળાના આંકડા ગણીએ તો ૧૯૬૧ થી ૨૦૦૧ સુધી અને ૧૯૯૦ થી ૨૦૦૧, ૨૦૦૧ થી ૨૦૧૧ એ દશકો ગણવામાં આવે તો ૧૯૯૧ થી ૨૦૦૧ના વર્ષના દશકામાં આ દશકા કરતા વધુ હેરાફેરી બંદરોમાં ટ્રાફીકમાં થઈ છે.

આયોજન પંચના અહેવાલ મુજબ મહારાષ્ટ્ર હરિયાળા ગોવા જેવા ઘણા રાજ્યમાં ગુજરાત કરતાં માથાદીઠ આવક વધુ છે. દિલ્હીમાં ૧,૦૮.૮૭૬ની સાથે ગુજરાતને આપણે સરખામણી કરીએ એમાં પણ વધારે જ છે. સામે ગુજરાતની ૫૨,૭૦૮ ની આવક લગભગ દિલ્હી કરતા અડધી છે. એમ તેમણે જણાવ્યું હતું.

ગરીબી ઘટાડવામાં આપણી અગ્રતામાં પ્રાથમિકતામાં પ્રથમ સ્થાને આ મુદ્દો હોવો જોઈએ પરંતુ નેશનલ સેમ્પલ સર્વે ઓર્ગેનાઈઝેશનના ૨૦૦૪ થી ૨૦૧૦ના રીપોર્ટ મુજબ ગુજરાત ગરીબી ઘટાડનાર રાજ્યોમાં પણ મહારાષ્ટ્ર તામિલનાડુ, કર્ણાટક, રાજસ્થાન, પછી પાંચમા સ્થાને આવે છે.

વાયબ્રન્ટમાં થયેલા એમ.ઓ.યુ.ના અમલીકરણનો રેશીયો ઘટી ગયો છે એમ જણાવીને તેમણે જણાવ્યું હતું કે ૨૦૦૩ની અંદર મૂડીરોકાણ ૬૬,૦૬૬ અમલીકરણ ૩૭,૭૪૬ કરોડ આવ્યું ૨૦૦૫ના વાયબ્રન્ટમાં ૧,૦૬,૧૬૦ કરોડનું મૂડીરોકાણ આવ્યું ૩૭,૯૪૯

પરીક્ષાર્થીઓએ રીસીપ્ટમાં કેન્દ્રોનું પુરું નામ ધ્યાને લેવું

ગાંધીનગર, તા.૬

પરીક્ષાર્થીઓને બોર્ડ દ્વારા અપાયેલી પરીક્ષાની રીસપ્ટમાં ક્ષતિઓ રહી જવા પામી છે. ત્યારે આ ક્ષતિઓ સુધારીને યોગ્ય સરનામું ધ્યાને લેવા જિલ્લા શિક્ષણાધિકારીએ જણાવ્યું છે.

ક્રમ	રીસીપ્ટમાં છપાયેલ કેન્દ્ર	પુરું સરનામું
૧	ઈન્ટરનેશનલ સ્કુલ	વેદ ઈન્ટરનેશનલ સ્કુલ સરગાસણ, તા.જિ. ગાંધીનગર
૨	સ્કૂલ ફોર એકસલન્સ પેથાપુર	સ્કૂલ ફોર એકસલન્સ પેથાપુર, પેથાપુર રાંધેજા ચોકડી
૩	સ્વસ્તિક હાઈસ્કૂલ	સ્વસ્તિક હાઈસ્કૂલ-મોટેરા, મોટેરા ગામની સામે-મોટેરા
૪	ઈન્ફોસીટી જુનિ. સાયન્સ કોલેજ	ઈન્ફોસીટી જુનિ. સાય. કોલેજ, સરગાસણ, તા. ગાંધીનગર
૫	સ્વામી. સાયન્સ રીસર્ચ ઝુંડાલ	શ્રી સ્વામી. સાયન્સ, રીસર્ચ વિદ્યાપીઠ. મા શાળા ઝુંડાલ ગુરુકુલ ઝુંડાલ, તા. ગાંધીનગર
૬	આદર્શ નિવાસી શાળા	આદર્શ નિવાસી શાળા, સેકટર-૮, ગાંધીનગર
૭	મહંત એસ.જે. ગોપાલક.ક.વિ.	મહંત એસ.જે. ગોપાલક કન્યા વિદ્યાલય, સે-૧૫, આઈ.ટી.આઈ. પાછળ

બોર્ડ પરીક્ષાના વિદ્યાર્થીઓને મુખ્યપ્રધાનની શુભકામના

મહિનાઓની તૈયારી અને સતત મહેનતનો નિચોડ પરીક્ષા ખંડમાં કલાકોમાં આવશે : બ્લોગમાં મોદીનો અભિપ્રાય

અમદાવાદ, તા.૬

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ ૧૦ અને ૧૨ની જાહેર પરીક્ષાના પરીક્ષાર્થી વિદ્યાર્થીઓને આ પરીક્ષામાં સફળતાની શુભેચ્છાઓ તથા માર્ગદર્શન પાઠવ્યા છે. મુખ્યમંત્રીએ પોતાના બ્લોગ ઉપર વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવતાં જણાવ્યું છે કે પ્રિય મિત્રો માર્ચ મહિનો આપણા લાખો યુવા મિત્રો માટે અત્યંત અગત્યનો છે. કારણ કે તેમણે ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓ આપવાનો આ સમય છે. ગુજરાતના ઘણા વિદ્યાર્થીઓની પરીક્ષા આવતીકાલથી શરૂ થશે, ઘણા વિદ્યાર્થીઓની પરીક્ષા શરૂ થઈ ચૂકી છે અને બીજા ઘણાંની પરીક્ષા આવનાર દિવસોમાં શરૂ થશે. મારા યુવા મિત્રોને હું પરીક્ષાની શુભેચ્છાઓ પાઠવું છું. મહિનાઓની તૈયારી અને સતત મહેનતનો નિચોડ પરીક્ષા ખંડમાં થોડા કલાકોમાં આવી જશે. પરીક્ષા અંગેની તમામ ચિંતાઓ દૂર કરવાનો એક સારો રસ્તો એ છે કે બોર્ડની પરીક્ષાઓને એક ખેલની જેમ લેવામાં આવે. પરીક્ષામાં સ્ટ્રેસ લઈને બેસવાને બદલે જાણે કે એક રમત રમવાની હોય તેવો અભિગમ રાખવાથી ફાયદો થશે. પરીક્ષાને આત્મ વિકાસનો એક અવસર માનો અને તમારો સ્ટ્રેસ તરત દૂર થઈ જશે. યાદ રાખો સ્વામી વિવેકાનંદે શું કહ્યુ હતુ પહેલા તો પોતાની જાતમાં વિશ્વાસ રાખો, આ જ રસ્તો છે. તમારી જાતમાં શ્રદ્ધા રાખો. તમામ શક્તિ તમારી અંદર જ પડેલી છે. આ શક્તિને ઓળખો.

દોલારાણા વાસણાની મહિલાને સ્વાઈન ફલુ પોઝીટીવ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર તાલુકામાં સ્વાઈન ફ્લુના કહરનો પંજો વિસ્તરતો જાય છે. દોલારાણા વાસણા ગામની એક આધેડ વયની મહિલા સ્વાઈન ફ્લુના સકંજામાં આવી જવા પામી છે.

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન-ફ્લુના અત્યાર સુધીમાં ૧૦ કેસ નોંધાયા છે. જેમાં મહિલા દર્દીઓની સંખ્યા સૌથી વધુ છે. આજે દોલારાણા વાસણાની મહિલાને સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

મળતા અહેવાલો પ્રમાણે આ દર્દીની તબિયત સ્થિર છે. જિલ્લા તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે હાલ ૪ દર્દી સારવાર હેઠળ છે જ્યારે ૪ દર્દીઓ સંપૂર્ણ સાજા થઈ જતાં તેમને રજા આપવામાં આવી છે.

ગાંધીનગર તાલુકામાં સ્વાઈન ફ્લુનો આ પાંચમો કેસ નોંધાયો છે. મહિલા દર્દીઓની સંખ્યા વધુ જણાતાં આરોગ્ય તંત્ર પણ ચોંકી ઉઠ્યું છે. જે છુટાછવાયા કેસો નોંધાઈ રહ્યા છે તેથી પણ તંત્રની દોડધામ વધી જવા પામી છે.

જિલ્લાતંત્રએ દોલારાણા વાસણા અને આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં સર્વેલન્સની કામગીરી હાથ ધરી છે. જો કે નવો કોઈ શંકાસ્પદ કેસ નહિ મળ્યો હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

જોઈએ છે
- PCB કંપની માટે DME & DEE રથી ૫ વર્ષના અનુભવી માણસોની મેન્ટેનન્સ ડિપાર્ટમેન્ટ માટે જરૂર છે
- ઈલેકટ્રોનિક મિકેનિક (I.T.I.) એપ્રેન્ટીસની જરૂર છે.
બાયોડેટા નીચેના સરનામે મોકલી આપવા.
SONIC TECHNOLOGY (INDIA) INC.
C-9, GIDC Electronic Estate, Sector-25, Gandhinagar-382025.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA

KALPANA'S
4, Ashirwad-Paras, Opp. Krishna Bungloe, Corporate Rd, Nr. AUDA Garden, Prahladnagar, A'bad. Ph.: 23701550, 40327054.
www.kalpanastrellers.com
SUNDAY CLOSED